Since 1925...


જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૨ · તા. ૦૪ થી ૧૦ જાન્યુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## શાંતિજિન જૈન જગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ ઉજવાયો

















### ૧૧ નવ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા



















# શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ ઉજવાયો






























# શાંતિજિન જૈન જગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ ઉજવાયો

શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિનો સમુહલગ્નોત્સવ - ૨૦૧૩ ભુજ - ભચાઉ માર્ગ ઉપર આવેલ સીટી સ્કેવર મધ્યે યોજાયો હતો. જેમાં ૧૧ નવ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા.

સમુહલગ્નના દાતાશ્રી માતુશ્રી હીરવંતીબેન તલકચંદ નેણશીં લોડાયા બારોઈ - મુલુન્ડ રહ્યા હતા. જ્યારે વિશેષ સહયોગ શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહ અને સીટી સ્કેવર પરિવાર ભુજનો રહ્યો હતો. કન્યાદાનનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધો હતો.

તા. ૦૫-૧૨-૧૩ ગાંધીધામ રેલ્વે સ્ટેશન ગ્રુપના કાર્યકર ભાઈ - બહેનો માટેની નવકારશીનો લાભ શ્રી અરવિંદ લાલજી લોડાયા પરિવારે લીધેલ.

તા. ૭ પ્રથમ દિવસે બહાર ગામથી પધારેલા જાનૈયા - માનૈયાઓનું વાજતે - ગાજતે સ્વાગત કરવામાં આવેલ. પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. તથા પુ. સાધ્વી શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથમહાપૂજન યોજાયું હતું. પૂજનમાં કિશોર સંગાર એન્ડ પાર્ટીએ ભારે રમઝટ જમાવી હતી. ધોતિયાની વિધિ બાદ મહાકાળી માતાજીની ભાવના યોજાઈ હતી. મહાકાળી માતાજીની ભાવના દરમ્યાન પાનેતર તેમજ ઘરચોળા સોપવાની વિધી ઉપસ્થિત આગેવાનોના વરદ હસ્તે કરવામાં આવેલ. કન્યાઓને પુજન, ભાવના, દાંડીયારાસ, માટે અલગ અલગ સાડીઓ તેમજ ચણીયાચોલી, પાનેતર, ઘરચોળા તેમજ ઈમિટેશન જ્વેલરી આપવામાં આવેલ. જેથી કન્યાઓ સુશોભીત બની હતી.

સાંજે ભલારાદાદા તથા ઘણીબાવાનો પાઠ યોજાયો હતો. ભલારાદાદાનો પાઠ રાજેશ ઠાકરશી પટેલ સાંધવવાળાએ માંડેલ. ઘણીબાવાનો પાઠ સોમચંદ નાગડા, દિનેશ મૈશેરીએ માંડેલ. રાત્રે સુર -સંગીત અને ઓરકેસ્ટ્રા સાથે ભવ્યતિભવ્ય દાંડિયા રાસ યોજાયા હતા. જેમાં રાજેશ શાહ એન્ડ પાર્ટી પોલી બિટ્સે ભારે રમઝટ જમાવી હતી. કન્યાઓને તૈયાર કરવા માટે બ્યુટીશીયન જીજ્ઞા મોતી નલીયાથી પધારેલ.

તા. ૮ બીજા દિવસે સવારે કન્યાદાન એ મહાદાનનું સ્વપ્ન સાકાર કરતા ભવ્ય પ્રદર્શનનું ઉદઘાટન શ્રી હીરાચંદભાઈ અરજણ પટેલ અને રાજેન્દ્ર વીરચંદ શાહે કર્યું હતું. વરરાજાઓનો ભવ્યતિભવ્ય વરઘોડો ઢોલ શરણાઈ અને બેન્ડ પાર્ટીના સથવારે વાજતે - ગાજતે નીકળ્યો હતો. વરરાજાઓને પોંખવાની વિધી થયેલ. લગ્ન મંડપે મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ હસ્ત મેળાપ કાર્યક્રમ યોજાયો હતો. ચોરીના પહેલા ફેરા વખતે ચાંદીની ગયા આપવામાં આવેલ. લગ્નની શાસ્ત્રોક્ત વિધી અબડાસાના પ્રખ્યાત ગોર મહારાજ વિનોદભાઈ વ્યાસ અને હિતેશ મહારાજે કરાવી હતી.

સત્કાર અને અભિવાદન સમારોહનું અધ્યક્ષ સ્થાન માંડવી - મુન્દ્રા વિસ્તારનાં ધારસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ જ્યારે અતિથીવિશેષ પદ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગા, ભાડાના ચેરમેન શ્રી કીરીટભાઈ સોમપુરા, જી.ડી.એ. ના ચેરમેન શ્રી મધુકાન્ત શાહ, અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ જૈન સંઘના અધ્યક્ષ શ્રી શામજીભાઈ દંડ, સીટી સ્કેવેર પરિવારના શ્રી રાજુભાઈ શાહ, એડવોકેટ કીર્તીબેન સોની, ડેપ્યુટી કમીશ્નર ઓફ કસ્ટમસ આઈ. આર. એસ. શ્રી પ્રિયેશભાઈ ભેદા, મુંબઈ મહાજનના અધ્યક્ષ શ્રી નયનભાઈ ભેદા, અબડાસા તાલુકા પંચાયતના અધ્યક્ષ શ્રી મુળજીભાઈ ગઢવી, હીરાવંતીબેન લોડાયા, શાંતિલાલભાઈ લોડાયા, જયાબેન લોડાયા, હરીશચંદ્ર જાડેજાએ શોભાવ્યું હતું. દેશના જાણીતા ક્રિકેટર રાજેશ ચૌહાણે સમુહ લગ્ન સ્થળે પધારી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા. લગ્ન દિન ૨૦૦૦ જેટલા સમાજવાસીઓ અને આમંત્રિતોથી મંડપ સુશોભિત બન્યો હતો.

સમુહલગ્નના દાતાશ્રીઓ દ્વારા ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ અને કિરણભાઈ દંડનું વિશિષ્ટ સન્માન શ્રી તારાચંદભાઈ છેડા, ત્રિકમભાઈ છાંગા અને નયનભાઈ ભેદાના વરદ હસ્તે કરવામાં આવેલ.

અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતા જૈન રત્ન અને ધારસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા દર વર્ષે કચ્છમાં ઉજવાતા સમુહલગ્ન અન્ય સમાજો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે. કાર્યક્રમનું સંચાલન શ્રી લલીત પરમારે જ્યારે આભારદર્શન શ્રી પ્રબોધ મુનવરે કર્યું હતું.

રજાની વિધી કરવામાં જમાઈને વીંટી, ઘડીયાલ ગ્રુપના કાર્યકર ભાઈઓએ પહેરાવી હતી. વિદાયની ક્ષણે ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને કન્યાને અને વર પક્ષના વડીલોને સુખમય જીવન અંગે અમજ આપી હતી. કન્યા વિદાય સમયે વિદાય ગીત સાથે સૌની આંખો આંસુથી ભીજાઈ ગઈ હતી.

## શ્રી ક.દ.ઓ. પોલડીયા પરિવારો જોગ
## ગૌરંગ બાલુડો (ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી, ડુમરા)

પરિવાર આયોજીત કચ્છ ઘણીયાણી માં આશાપુરા માતાજીની પંચમ પહેડી તા. ૧૨.૧.૨૦૧૪ રવિવારના રોજ શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (એસી હોલ) ભાંડૂપ મધ્યે યોજેલ છે. આપ સૌ પાલેડીયા પરિવારો, આપણી નિયાણી બહેનો પણ સહ પરિવાર પધારશોજી.

મધુબન ગાર્ડન ભાંડુપ (હોલથી નજીક છે) થી સવારના ૮.૩૦ કલાકે પૂ. માતાજીની શોભાયાત્રા શરૂ થશે. આપણે સૌ ભાવિકો ત્યાંથી શોભાયાત્રામાં જોડાઈશું.

**પંચમ પહેડીના સૌજન્ય દાતા**

**માતુશ્રી વેલબાઈ વેરશી**
**લધાભાઈ પોલડીયા (બાયઠ)**
**માતુશ્રી રતનબાઈ વેલજી**
**આણંદજી પોલડીયા (બાયઠ)**

**લિ. ગૌરંગ બાલુડો પરિવાર સમિતિ વતી**
**લક્ષ્મીચંદ લાલજી પાલેડીયા** તથા
**દિપક દામજી પોલડીયાના** જય માતાજી

---

॥શ્રી સચ્ચાઈમા નમઃ॥ ॥શ્રી દેશર મા નમઃ॥

**શ્રી લાલા - સાંધવ દંડ પરિવારની**

**પંચમ પહેડી**

**શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદાની**

**રવિવાર તા. ૨૩-૨-૨૦૧૪**

સવારના ૮ થી ૨
આરતી - ૧૨.૩૯

શુભ સ્થળ : પદમાવતી બેન્કવેટ હોલ, ૫ મા માળે, એમ. જી. રોડ, શિવ સેના ઓફિસની ઉપર, મુલુન્ડ (પ). મુંબઈ - ૪૦૦૦૮૦

**બંન્ને ગામનાં દંડ પરિવારના સર્વે ભાઈ - બહેનો ને તેમજ નિયાણીઓને સહ - પરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

**સર્વેને નુતન વર્ષાભિનંદન**

**દર્શનાભિલાશી**

**શ્રી શામજી નરશી દંડ, શ્રી નવીન હીરજી દંડ, શ્રી હિરાચંદ નરશી દંડ, શ્રી ગોવીંદજી ખીમજી દંડ, શ્રી સુર્યકાન્ત હીરજી દંડ, શ્રી મણીલાલ પદમશી દંડ**

---

## બાયઠવાસી જૈનો જોગ
## બાયઠ કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટની સામાન્ય સભા તા. ૧૨.૦૧.૨૦૧૪ ને રવિવારના શ્રી ઠાકરશી મેઘજી ગોસરના પ્રમુખપદે શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (અનંત સિધ્ધી હાલે) ૧૦૧ લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૧૯ ના બપોરના ૩.૦૦ કલાકે યોજવામાં આવેલ છે. સૌ સભ્યોને હાજર રહેવા વિનંતી.

**એજન્ડા નીચે પ્રમાણે છે.**

**૧. ગત તા. ૨૪-૦૨-૨૦૧૩ની સામાન્ય સભા તથા બાયઠ મુકામે તા. ૩૧.૯.૧૩ના રોજ મળેલ સામાન્ય સભાની મીનીટસનું વાંચન અને તેને બહાલી આપવી.**
**૨. વાર્ષિક અહેવાલ અને થયેલ કાર્યવાહી રજુ કરવા.**
**૩. પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે.**

કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે કોરમ થયે યોજવામાં આવશે. જે કાયદેસર ગણાશે.

આપણા ગામનું સ્નેહમિલન તા. ૧૨-૦૧-૨૦૧૪ને રવિવારના સાંજના ૪ થી ૧૦ દરમ્યાન શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (એસી હોલ) ભાંડુપ માં યોજવા આવશે. તો આ પ્રસંગે સૌ બાયઠવાસી જૈનોને તથા આપણી નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. જરૂરથી સૌ પધારશોજી.

**લિ. કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ વતી**
**શ્રી ઠાકરશી મેઘજી ગોસર પ્રમુખ** **તા. ૨૫-૧૨-૨૦૧૩**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા



**અંક નં. 02/2014**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## જ્ઞાતિનું દેરાસર હોય ત્યાં જ્ઞાતિ વસવાટ વધે એ સારી વાત છે, પણ જ્યાં થોડો ઘણો વસવાટ હોય ત્યાં દેરાસરની જીદ સારી નથી

છેલ્લા ઘણા વખતથી જૈન દેરાસર કદાચ શ્રધ્ધાસ્થાન કરતાં વધુ માર્કેટીંગ ટેકનિકનો ભાગ બની ગયા છે.... જે બિલ્ડરની જગ્યાઓ ન વેચાતી હોય અથવા જેણે ખરી કિંમત કરતાં વધુ કિંમત વસુલવી હોય તેઓ પોતે ધર્મે જૈન ન હોય તો પણ દેરાસર બંધાવે છે.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિના જાહેર જીવન પર ઈજારાશાહી સ્થાપવા સમાજકારણને રાજકારણ બનાવી દેનારા પણ કદાચ જૈનોની આ નબળાઈનો પોતાની વગ / વર્ચસ્વ વધારવા માટે ફાયદો ઉઠાવતા રહ્યા છે.

ઘાટકોપરમાં આવેલી જ્ઞાતિની મિલકત **અનંતછાયા,** જેના વેચાણ અંગેનો વિવાદ હજુ શમ્યો નથી તેમાં ૧૯૬૫ની આસપાસ ઈલેક્ટ્રીક કંપનીએ સબ સ્ટેશન માટે એક જગ્યા રખાવી હતી. તે કંપનીને વધુ સાનુકુળ જગ્યા મળતાં, એ જગ્યા ખાલી પડી રહી. ત્યાં કેટલાકે દેરાસર બનાવવાનો વિચાર વહેતો મૂક્યો. સમજદાર લોકોએ નારાજગી દર્શાવી એટલે થોડો સમય શાંતિ રહી પણ ઈ.સ. ૧૯૯૧માં અનંતનાથજી ટ્રસ્ટની ચુટંણીઓ માથે આવતી લાગી એટલે અચાનક ત્યાં દેરાસરની પ્રાણપ્રતિષ્ઠા થઈ. આમાં સ્થાનિક ભાવિકોના ધર્મભાવ સાથે અઠંગ આગેવાનોની ચુંટણી જીતવાની ગણત્રી કામ કરી ગઈ.

ઈ.સ.૨૦૦૪ અને ઈ.સ. ૨૦૦૯ની અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીઓમાં એ ઘર દેરાસરને શિખર બધ્ધ કરવાનો મુદ્દો ઉછળ્યો. ચુંટણીમાં ઝંપલાવનાર એક ગ્રુપે પોતાના ચુંટણી પ્રચારમાં આ દેરાસરની જગ્યાએ શિખર બધ્ધ દેરાસરજીનું નિર્માણ કરી આપવાની જાહેરાત કરી. અલબત્ત, ચેરીટી કમીશ્નર સમક્ષ જ્યારે અનંત છાયાના વેચાણ માટે મંજુરી મેળવવાની અરજી કરવામાં આવી ત્યારે એ જ ગ્રુપ સત્તા પર હોતાં, તેની સુનાવણી દરમ્યાન તેણે દેરાસર ગેરકાયદેસર બાંધકામ હોવાથી તેનું વેચાણ થવાનો પ્રશ્ન ઊભો થતો નથી તેવી દલીલ પણ કરી દીધી!

સમજદારોને આ બાબત ઘણા પ્રશ્નો થવા સ્વભાવિક છે. જે દેરાસરની પ્રાણપ્રતિષ્ઠા થઈ હોય, જે દેરાસરમાં પર્યુષણમાં સપના સારી રીતે ઉતરે તે માટે ભાવિક તરફથી ચાંદીના સપના મળ્યા હોય અને પ્રભુજીની આંગી માટે હીરા-રત્નજડીત આંગી પણ મળી હોય તેને સાધારણ ખાતાની મિલકતમાં ખપાવી અને તે કારણસર જ્ઞાતિ પરંપરા પ્રમાણે મહાજનની સભા બોલાવવાની જરૂર નથી તેવી જૈન પરંપરાનો છડેચોક દ્રોહ કરતી દલીલ પણ કરી નાખી!!

હવે જ્યારે અનંતછાયાનું રીડેવલપમેન્ટ થાય ત્યારે જે પરિસ્થિતિ ઊભી થવાની છે, તેની શક્યતાનો અંદાજ કાઢીએ તો રીડેવલપમેન્ટ થયા પછી ૭૦ ટક્કા ભાડુતો વધુમાં વધુ ભાવ આપનારને પોતાના

ફ્લેટ વેચી જવાના હોય ત્યાં જ્ઞાતિમાટે દેરાસરની જરૂર રહેશે કે નહીં તે પ્રશ્નનો જવાબ અત્યારથી જ નકારમાં આપી શકાય.

આ બધું જોઈને જ્ઞાતિના તટસ્થ અગ્રણીઓ એવા તારણ પર આવ્યા છે કે જ્યાં જ્ઞાતિનું દેરાસર હોય ત્યાં જ્ઞાતિ વસવાટ વધે એ સારી વાત છે પણ જ્યાં થોડો ઘણો વસવાટ હોય ત્યાં દેરાસરની જીદ સારી નથી.

જોકે, તટસ્થ જ્ઞાતિજનોની આ વિચારધારાથી ધાર્મિક લાગણીઓનો ગેરલાભ લેવા ઈચ્છનારાઓને કાંઈ ફરક પડતો નથી.

આમ છતાં આશા રાખીએકે છેલ્લા ત્રણ - ચાર વર્ષમાં થયેલા અનુભવોથી પરિપક્વ બનેલ મુંબઈના જ્ઞાતિજનો હવે જ્યારે કાંજુરમાર્ગની અને અન્ય મિલકતો પર શિખર બધ્ધ દેરાસરજીના નિર્માણ અંગે મંજુરી મેળવવાની બાબત મહાજનશ્રીની સભામાં ઉપસ્થિત થાય ત્યારે એ મિલકતોના રીડેવલપમેન્ટ પશ્ચાત જ્ઞાતિજનોની કેટલી વસતી ત્યાં આખરમાં જોવા મળશે, તેની સંભવિતતાનો વિચાર કર્યા પછી જ વિવેક ભર્યો નિર્ણય લેશે.

**- ચંદ્રસેન મોમાયા**


**જાહેરખબર દાતાઓને સુચના**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા


## સ્વયંસિધ્ધા

### ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર (જી.વી.સી.) લેડીસ વિંગ
### આંખની તપાસના કેમ્પનું આયોજન

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર (જી.વી.સી.) લેડીસ વિંગ દ્વારા (આંખની તપાસણી) ના કેમ્પનું આયોજન શુક્રવાર તા. ૧૦-૧-૨૦૧૪ના અનંત છાયા મધ્યે કરવામાં આવ્યું છે. આંખના પ્રખ્યાત સ્પેશાલિસ્ટ ડો. નીતિન દેઢિયા (બાંદ્રા)ની ટીમ આ કેમ્પ માટે સેવા આપશે.**

**લેડીસ વિંગના મેમ્બર્સને સેવા વિનામુલ્ય આપવામાં આવશે.**

**વધુ વિગત અને રજીસ્ટ્રેશન માટે નીચેના કાર્યકરોનો સંપર્ક કરવો.**

**ચાંદની ખોના** 9167710646, **અલ્પા લાલકા** 9930830031

**શોભા લોડાયા** 9322088239, **લતા કુરવા** 9324028932

**લીના લોડાયા** 9769411010

**સૌ સહુ સભ્યોને આ કેમ્પનો લાભ લેવા નમ્ર વિનંતી.**

## ધર્મ પ્રકાશ : કર્મનું વિષચક્ર (ભાગ - ૫) ડો. રશ્મિભાઈ ઝવેરી

# કર્મનું વિષચક્ર તોડવા સ્થુળથી સુક્ષ્મ તરફની યાત્રા

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે - સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભામંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે-લેશ્યા ધ્યાન. ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળ શુદ્ધ થાય છે. કષાયાદિના અધ્યવસાયો મંદ પડે છે. આ એક અદભુત અને સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેનાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આ પ્રક્રિયાને આધ્યાત્મિક રંગ આપવા ચતુર્વિંશતિ સ્તવ-ચોવીસ તીર્થંકરોની સ્તુતિ લોગસ્સના પાઠના અંતિમ ચરણનો ઉપયોગ કરવામાં આવે છે.

***ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ***
***અહિંય પયાસયરા,***
***સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિંમમદિસંતુ.***

અર્થાત ચંદ્રથી પણ અધિક નિર્મળ, સૂર્યથી પણ અધિક પ્રકાશ કરવાવાળા, સાગરથી પણ વધુ ગંભીર એવા હે સિદ્ધ ભગવાન! મને પણ સિદ્ધિ આપો. કર્મનું વિષચક્ર તોડવાની શક્તિ આપો. જેથી હું કર્મબંધનમાંથી મુક્ત થઈ સિદ્ધ-બુદ્ધ - મુક્તાત્મા બની જાઉં. શુભ રંગ - તરંગોના ધ્યાન માટે ત્રણ પ્રકારના મંત્રો આમાંથી મળે છે.

૧. **ચંદેસુ નિમ્મલયરા**. આ મંત્રનું ધ્યાન એકાગ્રચિત્તે લલાટના મધ્ય ભાગ- જ્યોતિ કેન્દ્ર પર કરો, જ્યાં ભાવનાઓ ઉત્પન થાય છે. સાથે ભાવના કરો કે પૂનમના ચંદ્ર જેવો સંપૂર્ણ શીતળ નિર્મળ ચંદ્ર મારા લલાટમાં ચમકતા સફેદ રંગના તરંગો પ્રકાશિત કરી રહ્યો છે. મારી આજુબાજુ નિર્મળ - પવિત્ર શ્વેત રંગનું આભામંડળ બની ગયું છે. કષાયના, મોહના, રાગદ્વેષના, ઈર્ષાના, વેર-ઝેરના, વિષય-વિકાર-કામ - વાસના - આવેશો, આવેગો, ઉત્તેજનાઓ શાંત - પ્રશાંત - ઉપશાંત થઈ રહ્યા છે. શુક્લ લેશ્યાના તરંગોથી હું પરમ પવિત્રતાનો - શાંતિનો અનુભવ કરી રહ્યો છે.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

# એ "મધુરી" સ્મૃતિને અંજલિ



**શ્રીમતી મધુરીબેન કિરીટ લાપસિયા**

કચ્છઃ રવા (અબડાસા) - મુંબઈઃ ચેમ્બુર

જીવનયાત્રાઃ તા. ૯-૭-૧૯૪૦ થી તા. ૨૨-૧૨-૨૦૧૩

*પરબ વનરાઈની ફરી એક કોયલ ઉડી ગઈ....*
*કુહુ.... કુહુ..... કુહુ..... તુજ સખીઓ સાદ કરી બોલાવે*
*પણ ના કોઈ અણસારો... ના કોઈ પ્રત્યુત્તર આપે...*
*ધર્મ પરાયણ સંપ, સત્ય ને એકતાના આગ્રહી, તમે*
*તવ મીઠી વાણી, મધુર મુશ્કાન કેમ કરી ભૂલાશે;*
*બે હાથનો ખોબો ભરી ભરીને દીધું સહુને,*
*જીવ્યા ઘણું.... પણ જીવાડયા ઘણાં બધાને,*
*"મધુરી" નામનો મહિમા વધાર્યો.....*
*તુજ વિણ ઘર સૂનું સૂનું*
*પરબ પરિવાર સુનો લાગે.*

*પ્રભુધામમાં મળશે આપણી સખીઓ*
*હેમલત્તા, જયા, સોનલ, વાસંતી, મધુરી*
*હે કોયલડી.... કહેજે યાદ કરે છે સૌ વારંવાર તમોને*
*અમ હૈયાની વેદના ઘણી ને શબ્દો ઓછા પડે છે.*

*ભીની આંખે, નત મસ્તકે આપીએ શ્રધ્ધાંજલિ*
*પરમાત્મા એ દિવ્ય આત્માને શાંતિ સાચી આપજે..*

## પરબ શક્તિ સંજીવની સોસયટી

૨. **આઈચ્ચેસુ અહિયં પયાસયરા.** આ મંત્રનું ધ્યાન બંને ભૃકુટિઓની વચ્ચે - દર્શન કેન્દ્ર પર અરુણ રંગની સાથે કરો. દર્શન કેન્દ્ર પર સુર્યોદય થઈ રહ્યો છે. એનાં અરુણ કિરણો મને તેજસ્વી બનાવે છે. તેજસ લેશ્યાના તરંગોથી મારી મલિનતા દૂર થઈ રહી છે, કષાયરૂપી તિમિર દૂર થઈ ગયું છે ને મારા સમસ્ત અસ્તિત્વમાં પ્રકાશ ફેલાઈ ગયો છે.

૩. **સાગરવરગંભીરા.** આ મંત્રનું ધ્યાન માથાના ઉપરના ભાગમાં - જ્ઞાન કેન્દ્રમાં કરો. સાથે ચમકતા પીળા રંગનો અનુભવ કરો. હું મહાસાગર જેવો ગંભીર બની રહ્યો છું. સુખ-દુઃખ, નિંદા - સ્તુતિ, માન - અપમાન, સફળતા -નિષ્ફળતા, સંયોગ - વિયોગ, હર્ષ - શોક આદિ દ્વંદ્વોથી મુક્ત સમતાના મહાન સાગરમાં આત્માનંદનો અનુભવ કરી રહ્યો છું.

આમ, આ ઉત્તમ રંગના તરંગો આપણા સૂક્ષ્મ - તેજસ શરીર દ્વારા અંતરાત્માને પહોંચે છે ત્યારે કર્મની શક્તિ મંદ પડી જાય છે. એક અતિપ્રભાવક શક્તિ જાગૃત થાય છે અને આત્માનું શુદ્ધિકરણ થતું જાય છે. નિકાચિત સિવાયનાં કર્મો ક્ષીણ થાય છે. અશુભ કર્મોનું શુભ કર્મોમાં સંક્રમણ થાય છે. શુદ્ધ આત્માનો સાક્ષાત્કાર થાય છે અને આમ કર્મનું વિષચક્ર નબળું પડી તૂટતું જાય છે.

*(આ લેખ પૂ. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, મારા પૂ. પિતાશ્રી સ્વ. જેઠાભાઈ ઝવેરી તથા મારા મુનિ - બંધુ પ્રો. મુનિ શ્રી મહેન્દ્રકુમારજીનાં પુસ્તકો સત્સંગ આદિ પરથી અને મારા લઘુ બંધુ અરુણના સહયોગથી લખ્યો છે.)* **સંપૂર્ણ:**

**જૈન પ્રકાશમાંથી સાભાર**

### શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપના સમુહ લગ્ન

શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપના આગામી સમુહ લગ્ન ડિસેમ્બર ૨૦૧૪માં કચ્છમાં અનુકુળ સ્થળે યોજાશે.


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786


શ્રી સચ્ચાઈ માતાય નમઃ

## શ્રી સેવક ભરૂડીયામાં બીરાજમાન કુળદેવી શ્રી સચ્ચાઈ માતાને નમતા ધુલ્લા પરિવારની સમુહ પહેડી

સહર્ષ જણાવવાનું કે શ્રી સચ્ચાઈ માતાની પહેડી પ્રસંગે તમામ ભાવિકો તેમજ નિયાણી બહેનો અને દીકરીઓને સહ પરિવાર સ્નેહ નિતરતું નિમંત્રણ છે.

**શુભ દિવસ - પોષ વદ ૧૧ ને રવિવાર તા. ૨૬.૦૧.૨૦૧૪.**

**શુભ સ્થળ : અગ્રસેન ભવન, ૯૦ ફીટ રોડ, ગારોડીયા નગર, ઘાટકોપર (પુ), ફોન નં. ૨૫૦૬૪૧૫૨**

**કાર્યક્રમની રૂપરેખા :**

૮.૩૦ ગણેશ સ્થાપના, ૯.૦૦ માતાજીનો વરઘોડો, ૯.૩૦ માતાજીની સ્થાપના, ૯.૪૫ ચહા - નાસ્તો, ૧૦.૦૦ ભક્તિ સંગીત, ૧૨.૦૦ થાળ અને નૈવેદ્ય, ૧૨.૩૯ આરતી, ૧ થી ૨.૩૦ પ્રસાદી, ૨.૩૦ થી ૪.૦૦ રાસ - ગરબા, ૪.૦૦ ચહા, ૪ થી ૭.૩૦ સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઈનામ વિતરણ, ૭ થી ૮.૦૦ પ્રસાદી (ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે).

૧. પહેલા ૫૦ આવનાર ભાવિકોમાંથી લક્કી ડ્રો દ્વારા આર્કષક ઈનામ.

૨. પહેડીમાં કોઈએ કાળા વસ્ત્રો પહેરી આવવા નહી.

૩. તપસ્વીઓ - વિદ્યાર્થીઓ તથા અન્ય પ્રવૃત્તિમાં વિજેતા બનેલ વ્યક્તિએ વિગત મોકલવી.

૪. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિએ નીચે જણાવેલ કાર્યકર્તાઓને સંપર્ક કરવા વિનંતી.

**વનરાજ દામજી ધુલ્લા** : 9869392904,
**સોમચંદ પુનશી ધુલ્લા** : 9820212852,
**ભરત લક્ષ્મીચંદ દૌલત** : 9324016213,
**ભરત ગુલાબચંદ ધુલ્લા** : 9323808354,
**ગૌતમ નવીનચંદ્ર ધુલ્લા** : 9967538189,
**અશોક કુંવરજી ધુલ્લા** : 9987046461,
**જીતેન્દ્ર જેઠાલાલ ધુલ્લા** : 9969438614

## પત્ર વ્યવહાર શક્ય નથી

લેખકો / વાચકોએ મોકલેલા લેખો, સૂચનો, ચર્ચાપત્રો ઈત્યાદીના સ્વીકાર કે અસ્વીકાર બાબતે અથવા તેમાં કરેલા સુધારા-વધારા વિશે પત્રવ્યવહાર કે મૌખિક ચર્ચા કરવી શક્ય નથી તેની નોંધ લેવા વાચકો/લેખકોને નમ્ર વિનંતી. - તંત્રી

## જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા મળે તે માટે પુરા પ્રયાસો થાય છે

પ્રકાશ સમીક્ષા સમિતિ તરફથી દરેક જ્ઞાતિ જનને પ્રકાશ સમીક્ષા મળે એ માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરાવામાં આવે છે. દર અઠવાડીયે નિશ્ચીત પણે અંકો પોસ્ટ કરાય છે. જેની મુંબઈ જી.પી.ઓ. ના પત્રીકા વિભાગ દ્વારા પહોંચ પણ આપય છે. અંકો નિયમીત ન મળતા હોય કે એકસાથે બે - ત્રણ મળતા હોય તે માટે સ્થાનિક પોસ્ટ ઓફિસની નિષ્કાળજી જવાબદાર છે. આ અંગે ત્યા લેખિત ફરીયાદ કરી તેની પહોંચ લઈ મુંબઈ જી.પી.ઓ.માં નકલ મોકલવી તો કદાચ સુધારો થઈ શકે. - તંત્રી

## દ્વિતીય પુણ્યતીથીએ સ્મરણાંજલિ



ગામ: મલાડ - રંગપુર

અરિહંત શરણ: ૩૦-૧૨-૨૦૧૧

### સ્વ. રમેશ નથુભાઈ લાપસીયા


ફુલ બની સુવાસ મુકી ગયા,
કિરણ બની પ્રકાશ મુકી ગયા...
ઝરણું બની સાગરમાં સમાઈ ગયા,
યાદ બની સ્મૃતિમાં છવાઈ ગયા...
કદીન ભુલાય એવી યાદ મુકી ગયા,
લાગણીનો પ્રવાહ ચારે ઓર મુકી ગયા...

**અભ્યર્થના**

હિનાબેન રમેશ લાપસીયા પરિવાર (મલાડ)
વૈશાલી સંકેત લાપસીયા
માતુશ્રી સ્વ. બાંયાબાઈ નથુબાઈ લાપસીયા પરિવાર (મુલુંડ)
માતુશ્રી સ્વ. સોનબાઈ કુંવરજી ધરમશી પરિવાર (પાલીતાણા)

## ભાવભરી શ્રધ્ધાંજલિ

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
આંસુ મહિંયે આંખથી, યાદી ઝરે છે આપની...



જન્મ: ૨૧.૧૧.૧૯૬૫

અરિહંત શરણ: ૧૮-૧૨-૨૦૧૩

### સ્વ. રાજેશકુમાર લક્ષ્મીચંદ મોતા

(કચ્છ વારાપધર - હૈદ્રાબાદ)

શબ્દો નથી અમને સુઝતા, શું લખીએ શ્રધ્ધાંજલિમાં
નથી તૈયાર મન માનવા, તમો નથી હવે આ જગમાં,
અમ સર્વે કુટુંબી જનોને, આવે છે યાદ પળ પળમાં,
કેમ લીધી અણધારી વિદાય, તમો સિધાવ્યા સ્વર્ગમાં,
કાંટા કરી સહન જીવનમાં, પાથર્યા ફુલો પરિવારમાં
દુ:ખને દાબી નિજ દિલમાં, જરી ન છલકાયા સુખમાં,
ઈશ્વરને કરીએ ફરિયાદ, આવી દયા અમારી કેમ ના ?
કરીએ છીએ ફરી ફરી યાદ, વસો છો સદા અમ અંતરમાં...

***શ્રધ્ધાંજલિ સુમન અર્પણ***

| | |
|---|---|
| માતુશ્રી | : મણીબેન લક્ષ્મીચંદ મોતા |
| ભાઈ | : દીપક, સમેશ મોતા |
| ભાભી | : દીપિકા, કરીશ્મા મોતા |
| બહેન-બનેવી | : વિજ્યા દિલીપ દેસાઈ<br>હીના કીરણ લોડાયા |
| ભત્રીજા | : કરન, અભિનવ, |
| ભત્રીજી | : નિશા - પ્રેમ, શ્રદ્ધા |
| ભાણેજ- | : રાહુલ - કવિતા દેસાઈ |
| ભાણેજી | : શ્વેતા - કૃષ્ણા,<br>ગ્રીષ્મા - સુષમા લોડાયા |

**ઋણ સ્વીકાર :** રાજેશકુમાર ના દેહાંત નિમિત્તે જે કોઈએ અંતિમ યાત્રામાં આવી, રૂબરૂ મળી, પત્ર કે ટેલિફોન દ્વારા અમને સાંત્વના સાથ - સહકાર આપેલ છે, તે સૌના અમે આભારી છીએ.

**AMAR CORPORATION,**
**SHRADHA ENTERPRISES**
Hyderabad - 500020 Mob.: 09346234849

# ગ્લાસ સીલીંગઃ પારદર્શક છતાં નક્કર ભેદભાવની છત

વનિતા



વિશ્વ

લગ્ન કરીને સાસરે આવેલી નવોઢા પ્રત્યે એની સાસુમા ભેદભાવ કરે છે. બસ એમ જ કોર્પોરેટ વર્લ્ડમાં નારીઓ પ્રત્યે એના બોસ ભેદભાવ રાખે છે. ઉચ્ચ સ્તરે પણ સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવની પરંપરા નવી નથી.

દરેક વર્ગની સ્ત્રીઓને પુરુષના મુકાબલે અસમાન વર્તનનો સામનો કરવો પડે છે. મધ્યમવર્ગી સ્ત્રીઓ માટે મરાઠી કવિયિત્રી ઇંદિરા સંત પોતાના મધ્યમવર્ગી ગાર્ગી કાવ્યમાં લખે છે કે દુઃખ, કાળ અને ત્યાગના ત્રણ પથ્થર વચ્ચે ચૂલો પેટાવીને રસોઈ કરતી આપણીગૃહલક્ષ્મી ઘણું ખરું ઘરમાં જ સિઝાતી રહે છે. ક્યારેક એની ફરસી વરાળ બહાર ફેલાય ત્યારે મથાળાં બંધાય, સ્ત્રીઓ વિકાસ માર્ગે અગ્રેસર, પ્રગતિપથ પર સ્ત્રીની હિલચાલ વગેરે વગેરે કાનને, મનને બધું સારું લાગે, પણ પછી સાંજે કૂકર, પછી રોટલી અને પછી વઘાર... સીઝવનાર પણ તેજ, અને સીઝનાર પણ તે જ. આજે ઉચ્ચ સ્તરે મહિલાઓ પ્રત્યેનો ભેદભાવ અને એ ભેદભાવની છત તોડીને ઉપર ગયેલી કેટલીક સ્ત્રીઓની વાત કરવી છે.

ચેન્નઈની આલિશા અબ્દુલ્લાને વિશ્વસ્તરે મોટરસાઈકલ રેસિંગમાં ભાગ લેવા નિમંત્રણ મળ્યું ત્યારે પુરુષનું પ્રભુત્વ ધરાવતી આ સ્પોર્ટ્સમાં દેશની પહેલી મહિલા સુપર બાઈક રેસર વિશે એક વૃતપત્ર દિવ્ય ભાસ્કરે જ મથાળું બાંધ્યુંઃ બ્રેકિંગ ધ ગ્લાસ સીલીંગ ગ્લાસ સિલિંગ શબ્દ હમણાં હમણાં ઘણા સમાચારમાં ચર્ચાતો રહ્યો છે.

ઓસ્ટ્રેલીયાના નવા પ્રધાનમંત્રી એબ્બોટે પોતાના ૧૯ મંત્રીમંડળમાં માત્ર એક જ મહિલાને સ્થાન આપ્યું. ત્યારે ઓસ્ટ્રેલીયન ઓફ ધ યર એવાર્ડ જીતનારી જર્નાલિસ્ટ અને બિઝનેસ વુમન ઈટા બટ્રોસે આવી ટોકન વુમન કેબિનેટની આકરી ટીકા કરતાં કહ્યું કે ૨૦૧૩ વર્ષમાં આ અસ્વીકાર્ય છે. આ બતાવે છે કે ઓસ્ટ્રેલીયામાં હજી ગ્લાસ સીલિંગનું અસ્તિત્વ અકબંધ છે. અમેરિકન પ્રેસિડન્સી ૨૦૧૬ની ચૂંટણીમાં જેનું નામ ચર્ચાઈ રહ્યું છે એવા હિલેરી ક્લિન્ટનને હમણાં જ કોઈએ પૂછ્યું કે અમેરિકા પોતાની પહેલી મહિલા પ્રમુખ ચુંટશે ખરો? ત્યારે તેમણે જવાબ આપ્યો, આઈ હોપ, વી બ્રેક ધ ફાઈનલ ગ્લાસ સીલિંગ....

આ ગ્લાસ સીલિંગ શું છે? અને તેને તોડવાની વાત સ્ત્રી શક્તિ સાથે શી રીતે સંકળાયેલી છે? ગ્લાસ એટલે કાચ અને સીલિંગ એટલે છત, એ આપણને ખબર છે. આર્કિટેક ટેક્સબુકમાં એનો ઉલ્લેખ મકાનમાં કાચની છત તરીકે છે, પણ મહાવરા તરીકે એનો અર્થ જુદો છે. ગ્લાસ સીલિંગ રાજકીય પારિભાષિક શબ્દ છે જેનો અર્થ થાય છે, એવી કાંચની છત જેની આરપાર જોઈ તો શકાય પણ તેને વીંધીને ઉપર ન જઇ શકાય, અદશ્ય છતાં અતૂટ અવરોધ, એવો અંતરાય કે એવી આડખીલી જે મહિલઓ એક્ઝિક્યુટીવ માટે કોર્પોરેટ નિસરણી ઉપર ચઢવામાં, બઢતી મેળવવામાં નડતર બને.

મહિલા ભલે સક્ષમ હોય, સમાન કે વધારે લાયકાત ધરાવતી હોય, એણે ઘણી ઘણી સિદ્ધી પ્રાપ્ત કરી હોય, પણ ટોપ મેનેજમેન્ટમાં તો માત્ર પુરુષો જ હોય. સ્ત્રીઓને સ્થાન મળતું નથી.

ઈન્ટરનેશનલ ઈકોનોમિક ઓર્ગેનાઈઝેશન અનુસાર સ્ત્રીઓને સમકક્ષ પુરુષો કરતાં સરેરાશ ૧૭ ટક્કા ઓછો પગાર મળે છે. સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ રખાય છે. આમ તો ગ્લાસ સીલિંગ શબ્દ કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે વંશીય ભેદભાવ દર્શાવવા માટે પણ વાપરી શકાય, પણ સામાન્ય રીતે એ સ્ત્રીઓ પ્રત્યેનો ભેદભાવ દર્શાવવા માટે વપરાય

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UK KHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

છે. હવે સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવની વાત કાંઈ નવી નથી, પણ જ્યારે ઉચ્ચ સ્થાન પ્રાપ્તિ વાસ્તે સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ કે સૂગ રખાય ત્યારે ગ્લાસ સીલિંગ શબ્દપ્રયોગ થાય છે. આવી અધરી અસમાન પરિસ્થિતીમાં પણ કોઈ સ્ત્રી કાચની છત તોડીને ઉપર વધે તો તેને બ્રેકિંગ ધ ગ્લાસ સીલિંગ કહેવાય છે.


આ શબ્દ પહેલી વાર માર્ચ ૧૯૮૪માં નોરા ફ્રેંકિલ નામની કોલમિસ્ટે મેગેઝિન એડિટર ગેબ્રિયાન્ટ માટે પ્રયોજ્યો હતો. તેમણે લખ્યું કે સ્ત્રીઓ એક એવા મકામ પર પહોંચી છે, જેને હું ગ્લાસ સીલિંગ કહીશ. તેઓ મિડલ મેનેજમેન્ટમાં ટોપ પર છે, પણ ત્યાંજ અટકી જાય છે. એને માટે ઉપર વધવા કોઈ જગ્યા જ નથી. તેઓ કાં તો જોબ છોડીને પોતાનો બિઝનેસ શરૂ કરે છે અથવા લગ્ન કરીને બાળકોને ઉછેરવાનું પસંદ કરે છે. વિનીતા ગુપ્તા આપણા દેશનાં જૂજ ગ્લાસ સીલિંગ બ્રેકર્સ પૈકીનાં એક છે. ભારતની દવા બનાવનારી બીજી સૌથી મોટી મલ્ટિનેશનલ કંપની લુપિન લિ. નાં તેઓ ચીફ એક્ઝિક્યુટીવ છે. વોલ સ્ટ્રીટ જર્નલને તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યૂમાં તેઓ કહે છે કે પંદર – વીસ વર્ષ પહેલાં અમેરિકામાં કોર્પોરેટ કંપનીઓમાં પુરુષો પ્રિફર કરાતા, કારણ કે દૂરદષ્ટિ, જીત માટેનો જૂસ્સો, મહત્વાકાંક્ષા અને આક્રમકતા – આ બધાં પુરુષસહજ લક્ષણો છે, તેવું મનાતું સ્ત્રીઓ વળી શું બિઝનેસ ચલાવી શકે? પણ હવે પરિસ્થિતિ બદલાતી જાય છે. સ્ત્રીઓ પાસે પોતાની આગવી સૂઝબૂઝ હોય છે. પુરુષો પ્રશ્નને ઉપરછલ્લો જ વિચારે છે. સ્ત્રી ઊંડો અભ્યાસ કરતી હોય છે. એની પાસે પોતાની આગવી આક્રમકતા હોય છે. સ્ત્રીઓનો એક અનન્ય ગુણ એ છે કે એ બધાને સાથે લઈને ચાલી શકે છે. એટલે કોર્પોરેટ બોર્ડમાં સ્ત્રીનું હોવું બિઝનેસને સારી રીતે બેલેન્સ કરે છે.

વોલ સ્ટ્રીટ જર્નલે વિનીતા ગુપ્તાને આખરી સવાલ છયો કે આ જેને ગ્લાસ સીલિંગ કહે છે એ સ્ત્રીઓની કપોળ કલ્પિત માન્યતા છે કે પછી ખરેખર એવું કાંઈ છે? ત્યારે વિનીતા ગુપ્તાને જવાબ જાણવા જેવો છે. એમણે કહ્યું, ગ્લાસ સીલિંગ છે જરૂર. જો તમે આમ જુઓ એ તો છે માત્ર કાંચની છત. જો તમે એની આરપાર જોઈ શકો તો તમે એને તોડીય શકો અને તોડીને પેલે પાર પણ જઈ શકો. વિનીતા બહેનની વાત તો સાચી છે. બાયડી પગની જૂતી અને ભાયડો વાંકી રે પાઘલડીનું ફૂમતું–ની વૈચારીક કોર્પોરેટ ગ્લાસ સીલીંગ તોડવી જ રહી. હમ ભારત કી નારી હૈં, ફુલ નહીં ચિનગારી હૈ.....

પણ આપણી વાત નિરાળી છે. આપણા ભારત દેશમાં તો મહિલા વડાપ્રધાન હતાં જ. એકલા ભારતમાં જ શા માટે? પાકિસ્તાન શ્રીલંકા અને બાંગ્લાદેશમાં પણ હતાં. ઈંગ્લેન્ડમાં પણ હતાં. જર્મનીમાં તો હાલ છે જ, પણ સબકા બાપ એવો અમેરિકા દેશ હજી ગ્લાસ સીલિંગ તોડવામાં નાકામિયાબ છે.

***– પરેશ વ્યાસ દિવ્ય ભાસ્કરમાંથી સાભાર***

## વાર્ષિક શ્રધ્ધાંજલિ



**અશોક મુલચંદ દંડ (શાહ)**

**ભરુડીયા – પરભણી**

| જન્મ: | અરિહંત શરણ: |
|---|---|
| તા. ૨૦.૧૦.૧૯૫૬ | તા. ૦૭.૦૧.૧૩ |

**વિત્યુ વર્ષ એક તોય તાજી તમારી યાદ**
**હંમેશા સ્મૃતિમાં રહેશો કરશો મુક સંવાદ**
**હજુ આપની ખોટ અનુભવતા કુટુંબીઓ**


**ધર્મપત્ની : શ્રીમતી લતા અશોક દંડ**
**દિકરી-જમાઈ : ચાર્વી-અમિત લોડાયા**
**માતુશ્રી ગુણવંતીબેન મુલચંદ દંડ પરિવાર**
**માતુશ્રી સુશીલાબેન સોમચંદ નાગડા પરિવાર**

**સેવાભાવી સંસ્થાઓને નમ્ર વિનંતી, વૃધ્ધાશ્રમની સ્થાપના માટે આગળ આવે.**

**અબડાસા તાલુકામાં આપણી જ્ઞાતિનું એક વૃદ્ધાશ્રમ સ્થપાય એ અત્યંત જરૂરી છે.** જો કોઈ સેવાભાવી સંસ્થા વૃદ્ધાશ્રમની સ્થાપના માટે આગળ આવશે તો હું સુથરી ગામમાં (ગઢ ફળિયામાં) આવેલું મોટું મકાન દાનમાં આપવાની ઈચ્છા ધરાવું છું. જગ્યા આંગણા સાથે અંદાજે ૧૧૦૦ ચો.ફુ છે.

સંપર્ક : **શ્રી શામજી પદમશી છેડા**
મો. **08108667022 / 08108667022**

## શબ્દાનંદ



### આડી ચાવી


૧. ભય, ડર (૩)
૩. કપિ (૩)
૫. સંખ્યાનું ચિહ્ન (૨)
૭. લાંબાપણાનું માપ (૩)
૮. એક સંખ્યા (૨)
૧૦. મગ્ન, ડૂબેલું (૩)
૧૨. આધીન, જિતાયેલું (૨)
૧૪. ફેંસલો (૩)
૧૬. મારું, બાળભાષામાં - ચાવણું (૨)
૧૭. સભ્યતા, અદબ (૪)
૧૯. નાજુકપણું (૪)
૨૦. નેક, પ્રામાણિક (૫)
૨૨. હોઠ, અધર (૨)
૨૪. ડાબું, ઊલટું (૨)
૨૬. પુષ્કળ, અતિશય (૪)
૨૮. ધોળું, સફેદ (૩)
૨૯. રાતે તીણા અવાજે બોલતું જીવડું (૩)
૩૦. શ્રમ (૪)
૩૪. ગંજીફાની એક રમત (૨)
૩૫. નાતવરાનો દિવસ (૫)

### ઊભી ચાવી

૧. અવતરવું ને મરવું તે (૫)
૨. ડાઘ, બટ્ટો (૩)
૩. બે ભાગ ઘટ્ટ જોડવા વચ્ચે મુકાય (૪)
૪. બાતલ કરેલું (૨)
૬. યે તો .... હો ગયા (૩)
૯. અઠવાડિયાનો એક વાર (૨)
૧૧. હિજરી સનનો એક મહિનો (૪)
૧૩. રૂની ઓઢવાની એક પ્રકારની ગોદડી (૩)
૧૪. છળપ્રપંચ,
૧૫. કપટબાજી (૪)
૧૭. ભાવ, તાત્પર્ય (૪)
૧૮. રોફ, દબદબો (૩)
૨૧. ક્રિડા ,ખેલ (૩)
૨૩. સમય બડા... (૪)
૨૫. અંધારુ (૪)
૨૬. ઘા પર ચોપડવામાં આવે (૩)
૨૭. જ્ઞાન, અક્કલ (૪)
૩૧. વહાલ, સ્નેહ (૨)
૩૨. એક તેજાનો (૨)
૩૩. એક ઝાડ (૨)

ગતાંકના શબ્દાનંદના ઉકેલમાં ભુલો થયેલ તેના સુધારા માટે જુઓ પના નં. ૧૬

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*



## સંખ્યાવન NUMBER GAME

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૪૮૭ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૪, ૧૮, ૨૬, ૩૧, ૩૬, ૩૮, ૪૧, ૫૫, ૬૩, ૭૩, ૯૮

**ત્રણ આંકડાની સંખ્યા :** ૨૭૩, ૩૧૫, ૩૪૭, ૪૮૭, ૫૬૫, ૬૪૪, ૬૭૩, ૭૫૪

**ચાર આંકડાની સંખ્યા :** ૧૫૪૭, ૨૧૭૨, ૨૭૬૪, ૩૨૧૬, ૩૫૧૪, ૩૯૨૪, ૫૩૭૮, ૬૨૭૪, ૭૫૪૩, ૮૧૧૯, ૮૩૪૨, ૯૨૫૪

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૫૯૪૬, ૧૬૫૩૯, ૨૫૩૮૬, ૨૬૫૩૮, ૪૬૩૭૧, ૪૭૮૯૬, ૮૬૧૨૭, ૯૪૫૨૭, ૯૬૪૭૫


**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 14, 18, 26, 31, 36, 38, 41, 55, 63, 73, 98

**3 Digit Nos :** 273, 315, 347, 487, 565, 644, 673, 754

**4 Digit Nos :** 1547, 2172, 2764, 3216, 3514, 3924, 5378, 6274, 7543, 8119, 8342, 9254

**5 Digit Nos :** 15946, 16539, 25386, 26538, 46371, 47896, 86127, 94527, 96475



## MODERN KDO ENGLISH MEDIUM SCHOOL REQD.IN MUMBAI ON TOP PRIORITY


Our KDO community in Gadag owns and runs a Modern English Medium High School there which is 105 years old. They are running it well and expanding. Why can't Mumbai Mahajan, Samastha Mahajan and Community Leaders advise the Management of our Sick KDO School i.e. Khetshi Chatrabhoj khiashi Ajani K.D.O. Jain Vidylay in Mumbai to convert it into a Modern English Medium High School also teaching Jainism in the first period (like Morals in Convent Schools). 1 Lakh Jains living in USA have formed and followed One Syllabus to teach Jainism to their children as per their grade on every Sunday for ten years in their pathshalas attached to Jain temples all over USA. Muslims teach religion to the children in Madresas. We KDO's have been taught Morals in Christian Convent Schools since the last seventy years. Why can't we teach Jainism in our own English Medium School?

All Minorities (except our Community) have unity in their ranks and they have the vision to plan for their community's needs for the next 25/50 years. They build schools, colleges, hospitals, hostels, temples, community halls, gymkhanas, residential complexes for their members' use. Our Anantnathji Trust & other KDO trusts must redevelop the 3.5 acres of KDO Properties in Prime Masjid Bunder Area and resettle there all KDO brethren living in obscure places within and faraway from Dombivali, Kalyan and such areas. Unless we live in our own Community Complexes like the Parsies, Marwaris, Kapols, Bohras, Muslims, etc. in Mumbai, we shall not be able to retain our unique Jain Culture and religion

Our Govt. preaches breakdown of castes and communities because they want to grab the wealth and properties of the rich Jains (as they have already done in the case of rich Marble Mines donated by Gujarati & Marwari Jain businessmen to the temple of Kaiseriyaji in Rajasthan) and all rich Hindu trusts are managed by politicians. Politicians all over India are gaining power by uniting under community banners and we are losing our hold on Mumbai City by selling off our 200 year old properties in Mumbai and dream since the last 15 years of setting up complexes in polluted industrial areas 10 KM beyond Dombivali !

Will the young President of KDO Mumbai Mahajan, the New President of Achalgachh Sangh and Trustees of KDO Samasth Mahajan get together on URGENT Basis and strongly advise the management of the sick KDO SCHOOL in Mumbai to convert it into a World Class Jain School in Mumbai. This school owns the Tokarshi Shamji Mansion (earlier a four story mansion which was demolished and presently used as a godown) in Masjid Bunder which can be redeveloped into a New Modern KDO Jain English Medium School.


**- Ratilal Valjibhai Khona**
**President - KDO Sr.Citizens' Dignity Club; Vice President – KDO Jain Mumbai Mid-Town Sangh, Past Hon. Secretary of KDO Mumbai Mahajan & KDO Klassik, Mumbai**

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કુ. દિશા મોતા સંયમને પંથે

કુ. દિશા કેતન ડુંગરશી મોતા અંધેરી (લાલા) તા. ૯-૨-૨૦૧૪ના ગોંડલ સંપ્રદાયના ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સહોલની પ્રેરણાથી પુ. મુક્ત - લીલમ ગુરૂણીના પરિવારના મહાપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મા. સાહેબની નિશ્રામાં ઘાટકોપર - મુંબઈ મધ્યે ભાગવતી દીક્ષા અંગીકાર કરશે.

## કુવાપધ્ધર મધ્યે પ.પૂ. ભલારાદાની ધ્વજા મહોત્સવ, અભિષેક તેમજ ચારગતિ નિવારણ અનુષ્ઠાન

કુવાપધ્ધર મધ્યે પ.પૂ. શ્રી ભલારાદાદાની છઠી વર્ષગાઠ નિમીત્તે શ્રી હનુમાન દાદાના લોટની વિધી પ.પૂ. દાદાના અભિષેકો તથા નિંબાલ કરી શુભ ચોઘડીયે દાદાની ધ્વજા વાજતે ગાજતે વાજીંત્રોના ઘંટરાવ સાથે દાતા પરિવારે ધ્વજા ચડાવેલ. સંગીતકાર શ્રી પ્રવીણભાઈ ગોરે સંગીતની રમઝટ સાથે મહાઆરતી કરાવેલ હતી. પેડી પ્રસાદ ગામ બહારે આવેલ શ્રી જખદાદાની ધ્વજા તેમજ કુવાપધ્ધર ગામમાં આવેલ હિન્દુ ધર્મના દરેક સ્થાનો ઉપર પણ ધ્વજાઓ ચડાવામાં આવેલ.

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ચારગતી નિવારણ ભક્તિ અનુષ્ઠાનમાં ભુવાશ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપુર્વક કુવાપધ્ધરથી શંખેશ્વર સુધીની ભાવયાત્રા કરાવેલ અને શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવાનનો જન્મકલ્યાણક મહોત્સવ વાજીંત્રો તેમજ સંગીતના સૂરોની સાથે નાચગાન સહ ઉલ્લાસ પૂર્વક સૌ ભાવિકોએ ભાગ લઈ ઉજવેલ અને શંખેશ્વર ગામ કેમ વસ્યું અને એમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ ભગાનની પ્રતિષ્ઠા કયારે થઈ અને વિસ્તૃત સમજણ શ્રી કીશોરભાઈ સાંયાએ તિર્યચગતિ, નરકગતિ, દેવગતિ અને મનુષ્યગતિમાં પાપોની ક્ષમા માંગી મોક્ષે જવાનો રસ્તો સરળ બનાવેલ.

અનુષ્ઠાનમાં સ્તવનો વગેરેમાં સંગીતકાર શ્રી પ્રવીણભાઈ ગોરે સુંદર કંઠ દ્વારા સ્તવનો ગાઈ અનેરો રંગ લાવેલ. વિધી કરાવવા બદલ શ્રી કિશોરભાઈ સાંયાનું શાલ તેમજ માળાથી બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા ગુલાબભાઈ મોતા, વિનોદભાઈ મોતા, પદમભાઈ, મુકેશભાઈ, ભરતભાઈ વગેરેએ જહેમત હતી.

## કચ્છી જૈન સમાજ અમદાવાદ તરફથી વયસ્ક સમિતી સંચાલિત અમૃતોત્સ્વ

કચ્છી જૈન સમાજ અમદાવાદ તરફથી વયસ્ક સમિતી સંચાલિત અમૃતોત્સ્વ કાર્યક્રમ તા. ૧૮ ડિસેમ્બરના રોજ સમાજના ભવનમાં યોજાઈ ગયો. આ સમારંભના શ્રી ભોગીભાઈ શાહ મુખ્ય દાતા હતા.

વિશેષમાં ૧૮મી ડિસેમ્બરે શ્રી ભોગીભાઈ શાહ અને સમાજના ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ નો જન્મદિન પણ હતો. કાર્યક્રમમાં બનેની બર્થડે કેક કાપીને તેમના પરિવારો અને સમાજના વડીલોએ અને ઉપસ્થિત સર્વેએ તેમને વધાઈ આપી હતી.

પુસ્તક અને શાલ ઓઢાડીને સો વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અમૃતોત્સવના અન્ય સ્પોન્સરો તરીકે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી ઉમરશીભાઈ કુરૂવા, શ્રી ધીરજલાલ સંઘવી, બાબુભાઈ મહેતા, શ્રી ખુસ્મનભાઈ શાહ અને શ્રી નવીનભાઈ હરિયા હતા.

કાર્યક્રમનું સંચાલન સમિતિના કવીનીયર શ્રી રજનીકાંતભાઈ પારેખ અને શ્રી રમણીકભાઈ ગોશર તેમજ શ્રી દિલીપભાઈ દંડે કરેલ. ભોજન અને સંગીત કાર્યક્રમનું પણ આયોજન હતું.

## શ્રી સાંધવ નગરે શાંતિનાથ દાદાના દર્શન

શ્રી સાંધવ નગરે શાંતિનાથ દાદાના દર્શન કરવા ગામે ગામથી સંઘો આવી રહેયાછે. સાંધવમાં ભોજનશાળા તેમજ અતિથી ગૃહની વ્યવસ્થા સારી છે. સાંધવગામનું સમેલન ભાડુંપ મધ્યે રાખવામાં આવેલ. તેમાં દાતાશ્રી રૂ.૫૦૦૦/- માં શ્રી ભવાનજી નરશી દંડ મુલુંડ છે શરત ચુકથી નામ રહી ગયેલ છે.

## મયુરભાઈ અનિલ નાગડા કોઈમ્બતુર ભાજપના ઉચ્ચ હોદે નિમાયા

શ્રી મયુરભાઈ અનિલ હિરાચંદ નાગડા (ધુમ પરિવાર) ભારતીય જનતા પાર્ટી (બી.જે.પી) ના કોઈમ્બતુર ડીસ્ટ્રીક નોર્થ ઈન્ડિયન વીગ ના સેક્રેટરી

તરીકે બીન હરીફ ચૂંટાઈ આવેલ છે.

તેઓ હાલમાં શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજના માનદમંત્રી તરીકે પણ સેવા આપી રહ્યા છે. તેઓ ક.દ.ઓ. જૈણ મહાજનના દરેક કાર્યમાં પોતાની સેવા આપતા રહ્યા છે.

**શબ્દાનંદ- ૧નો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | લો | ક | ન | | સા | ખા | વ | ત |
| ભિ | | ચ | ળ | ક | ચ | ળા | ણું | | ગ |
| ન | મ | ન | | શી | | ટ | | બ | હું |
| વ | ર | | બ | દા | મ | | અં | ગ | |
| | ક | ચું | બ | ર | | હા | | દા | વ |
| વ | ટ | | ડા | | વ | ર | સા | દ | |
| ર | | અ | ટ | ક | ળ | | બ | | સ |
| સ | ત | ર્ક | | ટા | | ક | ર | ત | બ |
| | ભા | | ભા | ર | ત | | મ | દા | ર |
| મ | શ | ગૂ | લ | | લ | સં | તી | | સ |

## શ્રી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ નિભાવ ફંડ

શ્રી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ રૂા. ૧,૦૦,૦૦૦ માતુશ્રી નવલબેન રામજી ગોશર બાયઠ (મુંબઈ)ના સ્મર્ણાર્થે હ. શ્રીમતી યોગિતા સ્વર દંડ, જય હેમેન્દ્ર ખોના, જરણા તથા પ્રણવ ફત્તેચંદ ગોશર, જહાનવી રમેશ ગોશર તથા કરીશ્મા અને કેદાર સંજય વૈદ્ય. (અગાઉની જા-ખમાં સુધારીને વાંચવુ)

## યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજે કરેલ શિખરજી યાત્રા

મુંબઈથી કલકત્તા ૧૪-૧૨ શુકના કાલી દેવી - વેલુર મઠ, દાદાવાડી, ભવાનીપુર, દેરાસરજી, નદી કાંઠાના કાલીદેવી દર્શન અન્ય સ્થળોની મુલાકાત. રવિવાર સવારે કલકતાથી મોઠરથી શિખરજી યાત્રા જેનો લાભ દિનેશ શેઠ કલકતા પરિવારે લીધેલ. રસ્તામાં પોટનબારમાં જયંત મુનિ સાથે કચ્છી સંત નરેશ મુનિ, ઓજસ મુનીથી સત્સંગ. રાત્રે તળેટી સાથે ભોમિયાજી દર્શન કરી **તન - મનની** ખાસ ઈચ્છા હોઈ શિખરજી હોટેલમાં પ્રથમ વખત યતિશ્રી પધારતા મેનેજર સાથે સ્ટાફે સુંદર આવકાર આપેલ. સોમવાર સવારે ઉપર ૩૦ ટુંકો, પાર્શ્વનાથની ટુંક, ગુફાના પવિત્ર સ્થાને વિશેષ આરાધના કરી પાછા આવતા કલીકુંડ દેરાસરજી ગામના દેરાસરોના દર્શન કરી રાતવાસો તન-મન સ્થાને કર્યો મંગળ સવારના જહાજ મંદિર દર્શન કરી મહાવીર પ્રભુની કેવલજ્ઞાન ભૂમિ ઋજુવાલિકામાં સાધ્વીશ્રી મણીપ્રભાજી સાથે સત્સંગકરી પરત શિખરજી આવી બાપેરબાદ નાલન્દા, ગુણીયાજી, કુંદલપુરુ- ગૌતમસ્વામી જન્મસ્થાનના દર્શન કરી રાજગીરી વિરાયતનમાં મુકામ. બુધવારે પહાડ દર્શન ગામમાં નવલખા મંદિર, જવાની મંદિર, મ્યુઝીયમ, વેણુપાર્ક સહિત પ્રાચીન સ્થાનોના દર્શન. ગુરૂવાર ના પાવાપુરી પ્રભુના નિર્વાણ સ્થાન આદિ તિર્થોમાં આરાધના કરેલ. શુક્રવારે લચ્છવાડ, ક્ષત્રિયકુંડ - મહાવીરનું જન્મસ્થાન, ત્રણ કલ્યાણકભૂમિ થઈ ગૌતમ સ્વામીના જન્મ સ્થાન ગુણીયાજી થી પરત રાજગીરી. શનિવાર સવારના પટણાથી વિમાનથી દિલ્હીથઈ મુંબઈ. આ બધાસ્થાને સારીરીતે ભાવથી યાત્રા થઈ. પૂજ્ય યતિશ્રી સાથે હર્ષવર્ધન અને નવીન મારૂ રહેલ. પ્રવાસ યાત્રા માટે ચીમનભાઈ મોતા (તન-મન ટુર્સ) એ સગવડ કરી આપી.

**શ્રી અંબે માતાય નમો નમઃ**

## શ્રી કચ્છ કોઠારા ગામે અંબે માતાજીને નમતા સર્વે ધરમશી પરિવારના ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ

કચ્છ કોઠારા ગામે જૈન દેરાસરની બાજુમાં બિરાજમાન ધરમશી પરિવારના અંબેમાતાજીની ગંધી (ઘોત) બદલવાનું કાર્ય તેમજ પહેડી પ્રસાદ ચૈત્ર વદ બારસને તા. ૨૬-૪-૨૦૧૪ સવારના ૮.૩૦ કલાકે કોઠારા મધ્યે રાખવામાં આવેલ છે. તો સર્વે નમતા ભાવિકોને પધારવા વિનંતી

**લિ. ધરમશી પરિવાર વતી જયેશ ભાગચંદ જૈન અને અતુલ લખમશી ધરમશી**


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ઝવેરચંદ પદમશી લાલકા** | ૫૦૪, બી વિંગ વર્ધમાન નગર, આર.પી.રોડ, અંબાજી ધામ પાસે, મુલુંડ વેસ્ટ મુંબઈ - ૮૦ |
| **હિતેશ દિપકભાઈ લાલકા** | પુર્વી/બ્લોક નં. એફ-૩૫૭, શાંતિનગર, મ. ગૂંદાળા રોડ, ગંગોત્રી સ્કુલની સામે, રાહુલ ટ્રેડલીંગ વાળી શેરી, ગોંડલ જીલ્લો રાજકોટ - ૩૬૦૩૧૧ |
| **કરણ તારાચંદ શાહ** | સી/૪, રિદ્ધી-સિદ્ધિ કો.ઓ.હા.સો.લિ. દિન દયાળ રોડ, આનંદ નગર, ડોંબીવલી (વે )૪૨૧૨૦૨ |
| **જવાહર લાલકા** | ફ્લેટ નં. ૨૨૦૫/૦૬, રેલીશ બિલ્ડીંગ, સીટી ઓફ જોય, જટા શંકર ડોસા માર્ગ, ઈસ્ટ-વેસ્ટ ઓવર બ્રિજ પાસે, મુલુંન્ડ વેસ્ટ મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **જયેશ ડી. વિકમશી** | કે/ઓ-વિકમશી ફેબ પ્રા.લિ, બી-૩૭૨૯, એમ.આય.ડી.સી. ખામગામ મહારાષ્ટ્ર - ૪૪૪૩૦૩ |
| **દિનેશચંદ્ર નેણશી ધરમશી** | એફ-૩, પહેલા માળે, તુળજાભવાની અપાર્ટમેન્ટ, ન્યુ ગુડશેડ ફોર્થ ક્રોસ રોડ, બેલગાંમ - ૫૯૦૦૦૨ |
| **મુલજી એમ શાહ (લોડાયા)** | બી-૬૦૧-૬૦૨, શિવ શરણ કો.ઓ.હા.સો. બિલ્ડીંગ નં. ૧૧૨, આર. એસ. મણી સુપરમાર્કેટ સામેની લેન, સહકાર સિનેમા પાસે, ચેમ્બુર મુંબઈ - ૪૦૦૦૮૯ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **હિતેશ દિપકભાઈ લાલકા (ગોંડલ)** | 09924755855 | **લતા કુરુવા** | 09324028932 |
| **તારાચંદ શાહ (લોડાયા) ડોંબીવલી** | 09987328080 | **લીના લોડાયા** | 09769411010 |
| **ચાંદની ખોના** | 09167710646 | **દિનેશચંદ્ર નેણશી ધરમશી (બેલગામ)** | 08312420897 |
| **અલ્પા લાલકા** | 09930830031 | **જવાહર લાલકા (મુલુંન્ડ)** | 022-25610771 |
| **શોભા લોડાયા** | 09322088239 | **ભરત હંસરાજ ડાઘા (મુલુંન્ડ)** | 09969184381/09372951560 |

## રિલાયન્સને બિન શાકાહારી ધંધા બંધ કરવાનો આગ્રહ જ્ઞાતિ આગેવાન પ્રેમચંદ મોતાએ કર્યો.



રિલાયન્સ બિનિ શાકાહારી ધંધા બંધ કરી દેશે તેના સમાચાર લગભગ બધા છાપાઓમાં મોટા મથાળે ચમક્યા હતા, પણ જ્ઞાતિ પત્રોએ એ સંબંધમાં મોટે મથાળે ચમકાવવાના સમાચાર એ છે કે તે માટેનો આગ્રહ કલકત્તામા રહેતા અને શીઘ્ર કવિ તરીકે પ્રખ્યાત જ્ઞાતિ આગેવાન પ્રેમચંદ મોતએ કર્યો હતો.

પ્રેમચંદ મોતાએ છાપઓમાં રીલાયન્સ બિનશાકાહારી વસ્તુઓના વિતરણના ધંધામાં ઝંપલાવવા માંગે છે એના સમાચાર વાંચ્યા કે તરત જ તેમને મુકેશભાઈ અંબાણીને પત્ર લખ્યોકે  રીલાયન્સ પાસે શુ ખોટ છે કે નરકગતિ મળે તેવા ધંધામાં તેઓ ઝંપલાવવા માંગે છે? તેમણે ગુજરાત - રાજસ્થાનના ૭૦૦ આગેવાનોને પણ આ રોકવાનો આગ્રહ કરવાના પત્રો લખ્યા.

જેના સંયુક્ત પરિણામે રિલાયન્સના મુકેશ અંબાણીએ તા. ૧૫.૧૨.૧૩ના પ્રેસ કોન્ફરન્સ બોલાવી રીલાયન્સ બિન શાકાહારી વસ્તુઓના વિતરણમાં નહીં ઝંપલાવે તેવી જાહેરાત કરી.

પ્રેમચંદ મોતાને જ્ઞાતિ તથા સૌ જીવદયા પ્રેમી વતી ભાવભર્યા અભિનંદન!!

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જ્ઞાતિના વધુ ને વધુ પ્રતિભાવંતો બૃહદ ક્ષેત્રે સન્માનો મેળવતા જાયેછે, તે ખુશીની વાત છે. આ સિલસિલો આગળ પણ ચાલ્યા કરે તે માટે જ્ઞાતિએ પ્રતિભાવંતો ને પોતાનું કૌશલ્ય કેળવવાની - બતાવવાની તક મળે તેવું વાતાવરણ ઉભું કરવું જોઈએ.

\- ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૧૨.૧૩ | કાટોલ | પ્રતિક સત્યેન્દ્ર તિલકચંદ ખોના | તેરા | ૨૯ |
| | ઘાટકોપર | તન્વી પ્રદીપ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૨૭ |
| ૨૩.૧૧.૧૩ | સાંતાક્રુજ | પ્રતિક રેમશ શામજી ગડા | રાયધણજર | - |
| | મુલુન્ડ | સેજલ દિનેશ હિરજી નાગડા | ભરુડીયા | - |

### આંતર જ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૨.૧૩ | ડોંબીવલી | પિયુશ રતિલાલ લોડાયા | કોઠારા | ૨૭ |
| | ઘાટકોપર | પ્રમિલા સમીર દાસ | - | ૨૭ |
| ૨૭.૧૨.૧૩ | મરીન ડ્રાઈવ્હ | નિખીલ નીતિન રાયચંદ લોડાયા | આરીખાના | ૩૧ |
| | ગીરગાવ | દિપ્તી રાકેશ સુરેશચંદ્ર અગ્રવાલ | આગ્રા | ૨૭ |
| ૩૦.૧૨.૧૩ | માહીમ | નિરવ મુકેશ ભરત ખુશાલભાઈ શાહ | ભુજ | - |
| | માટુંગા | પુજા મુકેશ વસંતજી લોડાયા | સુથરી | - |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૨.૧૩ | ઘાટકોપર | કિરણ કાંતિલાલ પદમશી ધુલ્લા | સુથરી | - |
| | કોચીન | મેઘા ભરત જેઠાભાઈ નાગડા | નલીયા | - |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૧૨.૧૩ | વાપી | ભાવિક અશોક પંચાલ | વાપી | ૨૬ |
| | વાપી | ભુમિકા રતનપાલ દંડ | તેરા | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૧૨.૧૩ | રાપર | જ્યોતી મણિલાલ પદમશી નાગડા | રાપર | ૪૨ |
| ૨૫.૧૨.૧૩ | દેવલાલી | પ્રભાબેન પ્રેમચંદ લધુભાઈ ભગત (ધરમશી) | જખૌ | ૭૭ |
| ૨૬.૧૨.૧૩ | મસ્જિદ બંદર | કાંતાબેન ઝવેરચંદ ત્રિકમજી ધરમશી | સુથરી | ૭૮ |
| ૨૬.૧૨.૧૩ | નલિયા | કુવરજી લાલજી ખિયશી ખોના | નલિયા | ૮૦ |
| ૨૭.૧૨.૧૩ | ચાલીસગામ | લક્ષ્મીબાઈ નેણશી કુવંરજી લોડાયા | વારાપધર | ૮૦ |
| ૨૭.૧૨.૧૩ | ડોંબીવલી | સરલાબેન પ્રવિણચંદ્ર ભવાનજી લોડાયા | દલતુંગી | ૬૪ |
| ૨૮.૧૨.૧૩ | અમરીકા | દેવકાંબાઈ વિસનજી હેમરાજ લોડાયા | કોઠારા | ૯૨ |
| ૨૯.૧૨.૧૩ | સાંતાક્રુજ | કમલેશ વિરચંદ માણેકજી લોડાયા | જખૌ | ૪૯ |
| ૩૧.૧૨.૧૩ | ઈંદોર | તિલકચંદ લાલજી રાજપાર ધરમશી | નલીયા | ૮૭ |
| ૦૧.૦૧.૧૪ | માટુંગા | ભારતી રાજેન્દ્ર શામજી લાપસીયા | - | ૫૭ |
| ૦૧.૦૧.૧૪ | બેંગલોર | ભવાનજી કલ્યાણજી વેલજી ધરમશી | - | ૭૮ |
| ૦૧.૦૧.૧૪ | મુલુંડ | પુનશી દેવશી મુલજી ધરમશી | દલતુંગી | ૯૫ |


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

OM SAI RAM

MULUND WEST OFFICES / FLATS ON RENT

1230 - 1590 - 2880 SQ. FT. at 360 DEGREE, RMALL
1 BHK at TAMBE NAGAR

FLATS/OFFICES FOR BUY/SELL/RENT

SAI WORLD AGENCY ☎ 7498488947

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



## સ્વ. અ. સૌ. રંજનબેન પ્રવિણ લોડાયા

**ગામ : મોટી ખાવડી** | **મુંબઇ : કાંદિવલી**

**જીવનયાત્રા : તા. ૨૦/૮/૫૭ થી તા. ૧૧/૧૨/૧૩**

જનનીની જોડ જગે નહીં જડે રે લોલ!
આંખમાંથી વહે અશ્રુની ધાર હૈયામાં યાદોની ઘટમાળ
નજર સમક્ષ તરવરે સુંદર ચહેરો તમારો વિયોગ હવે કેમ કરી સહેવો ?
વડલા જેવી વિશાળ તમારી છાયા, સાગર જેવો ઊંડો તમારો સ્નેહ,
ઘરને સ્વર્ગ બનાવવાની તમારી અદ્‌ભૂત કળા, તમારી નિઃસ્વાર્થ સેવા,
તમારું અપાર કુટુંબ વાત્સલ્ય, પગલે પગલે પ્રેરણા આપતી તમારી નેહભરી નજર.
શું શું યાદ કરીએ ? અશ્રુભરી આંખે આપીએ હૃદયની શ્રધ્ધાંજલી!!!

### લી. આપની સ્મૃતિમાં

પતિ : પ્રવિણ કુંવરજી લોડાયા
પુત્ર : હર્ષિલ પ્રવિણ લોડાયા | પુત્રવધુ : આસ્થા હર્ષિલ લોડાયા
પૌત્રી : ફિયોના હર્ષિલ લોડાયા

માતુશ્રી ધનલક્ષ્મી કુંવરજી લોડાયા સમસ્ત પરિવાર (મોટી ખાવડી)
માતુશ્રી ચંચલબેન કાન્તિલાલ છેડા સમસ્ત પરિવાર (મોટા આસંબીયા)
લક્ષ્મીચંદ દેવજી ગાલા સમસ્ત પરિવાર (કોડાય)

Shree Harshil Tours & Travels

શ્રી હર્ષિલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (મલાડ),
હર્ષિલ હોલિડેસ (ઓપેરા હાઉસ) - સમસ્ત સ્ટાફ
કે. જી. મિત્તલ કોલેજ ઓફ આર્ટસ્ એન્ડ કોમર્સ - સમસ્ત સ્ટાફ

Harshil HOLIDAYS

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સાની પ્રેરણા પામી
# મોતા પરિવારની દિકરી મુમુક્ષુ કુમારી દિશા ચાલી વિતરાગની વાટે...



દેવગુરુની અસીમ કૃપાથી અમારા આંગણે એક અપૂર્વ અવસર આવ્યો છે... મૂળ વતન કચ્છ (તેરા) હાલ અંધેરીમાં રહેતા શ્રીમતી દક્ષાબેન તથા કેતન ડુંગરશી મોતાની પુત્રી મુમુક્ષુ કુમારી દિશા કેતન મોતા તા. ૯-૨-૨૦૧૪ ના ઘાટકોપર (ઈસ્ટ)માં ડુંગર ગુરૂ પ્રવજ્યા પટાંગણ ખાતે સવારના ૮ કલાકે યોજાનારા દીક્ષા મહોત્સવમાં પૂ. મુક્ત - લીલમ પરિવારના મહાપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મ.સા.ની પાવન નિશ્રામાં ભગવતી દીક્ષા અંગીકાર કરશે.

આ દીક્ષા મહોત્સવમાં પધારવા આપ સર્વેને સપ્રેમ નિમંત્રણ છે.

**નિમંત્રક : શ્રી ડુંગરશી મુલજી પેથરાજ મોતા પરિવાર**
**હા. કેતન, ભુપેન્દ્ર મોતા ના જય જિનેન્દ્ર**

## દિશા બહેન જીવનની દિશા બદલી ચાલ્યા સંયમના પંથે...



મૂળ વતન કચ્છ - તેરા હાલ અંધેરીમાં રહેતા શ્રીમતી દક્ષાબેન તથા કેતન ડુંગરશી મુલજી મોતાના ત્રણ સંતાનોમાં સૌથી મોટી (બી.કોમ) ભણેલી દીકરી કુમારી દિશાબેન મોતા, માતા - પિતાની લાડકવાયી... કોલેજમાં ભણતાની સાથે અર્હમ યુવા ગ્રુપમાં જોડાઈ અને માનવતા અને જીવદયાના સત્કાર્યો કરતા - કરતા પ.પૂ. ગુરૂદેવના સાનિધ્યમાં રહેતા જ જીવન કાર્યની પધ્ધતિ બદલાઈ ગઈ....

.... પછીતો રોજ શિબિરો... ગુરૂજીના વ્યાખ્યાનો... બીજાના હિત, શ્રેય અને કલ્યાણ માટેના વિચારો થકી હ્રદય પરિવર્તન થઈ ગયું.... સંયમનો પંથ જ મોક્ષ તરફ લઈ જશે અને આત્માનું કલ્યાણ થશે... મારા થકી અન્ય ઘણા જીવોનો કલ્યાણ /ઉધ્ધાર થશે.... એવા પૂ. ગુરૂદેવના અમુલ્ય શબ્દોએ ચમત્કાર સર્જ્યો... સંસારના સંબંધો જ્યારે છૂટેછે ત્યારેજ પરમાત્માના સાથે જોડાયછે. ત્યારેજ પરમાત્માના પંથ ઉપર વિચરણ કરવા સક્ષમ બની શકાય છે એવી સમજણ કેળવાયી.... અને એ અજ્ઞાનતા દૂર કરવાની મનમાં તીવ્ર ઝંખના જાગી....

પૂ. ગુરૂદેવના પગલે પગલે આગળ અને આગળ પગલીઓ પાડતા - પાડતા... પરમ સ્થાને પહોંચું એવા ભાવ મનમાં ઘુંટાવા લાગ્યા. જીવનની દિશા બદલાઈ અને મનમાં થવા લાગ્યુ કે... અપુર્વ અવસર એવો ક્યારે આવશે જ્યારે સંસારના બંધનો તોડી મુક્તિ - મોક્ષના પંથે જવાશે... આભાવ ઘૂંટતા ઘુંટતા દિશા બહેન સંયમના માર્ગ ચાલવાનો દ્રઢ નિશ્ચય ક્ર્યો.

...એમની સંયમ આરાધનાની લગન જોઈ, ગુરૂદેવે પ્રવજ્યા પંથે જવાની અનુમતિ આપી... દિશાબેન અત્યારે સંસારમાં હોવા છતાં એમનું મન સાધુત્વ સ્વીકારી ચુક્યું છે. એજોઈ કેતન ડુંગરશી મુલજી પેથરાજ મોતા પરિવાર (તેરા - અંધેરી) એ પણ એમના ભાવને વધાવ્યો....

અને હવે આવીછે એ પાવન ઘડી જ્યારે મોતા પરિવારની દીકરી સંયમ સ્વીકારી પોતે તો ભવ તરશે અને સૌ સાધર્મિકોને પણ તેની પ્રેરણા દેશે... આ ધન્ય ઘડીના સાક્ષી બનવું એ સૌ સાધર્મિકોના જીવનની અનન્ય પળ હશે એને ચુકશો નહીં.

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**